| | | |
|---|---|---|
| **આંક** | **:** | |
| દાખલ તારીખ | : | ૨૨/૦૭/૨૦૧૯ |
| નોંધ્યા તારીખ | : | ૨૨/૦૭/૨૦૧૯ |
| નિર્ણય તારીખ | : | ૧૬/૧૦/૨૦૨૩ |
| સમયગાળો | : | વર્ષઃ– ૦૪ માસઃ ૦૨, દિવસઃ ૨૫ |

**ધારીના મહેરબાન ત્રીજા એડિશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું.ધારી,જી.અમરેલી.**

**સેશન્સ કેસ નં.૧૭/૨૦૧૯.**

**ફરિયાદી :–** **શ્રી સરકાર**

**વિરૂઘ્ધ**

| **આરોપી :–** | ઉ. વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|
| ૧. વિપુલભાઈ ભીખાભાઈ ચાવડા | ૩૮ | ખેતી | રહે. નં. ૧ થી ૩ નબાપરા, તા.ધારી, જી.અમરેલી. |
| ૨. મહેશભાઈ ભીખાભાઈ ચાવડા | ૩૫ | ખેતી | |
| ૩. જયસુખભાઈ ભીખાભાઈ ચાવડા | ૪૦ | ખેતી | રહે. નં.૪ વેકરીયાપરા, તા.ધારી, જી.અમરેલી. |
| ૪. મહેશભાઈ અમરાભાઈ દાફડા | ૩૧ | ખેતી | |

**ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૬, ૫૦૬(૨),૧૧૪ મુજબ. . .**

**એડવોકેટસ :–**
ફરિયાદી શ્રી સરકાર તરફે વિ.એ.ડી.પી.પી.શ્રી. વી.ડી.વડેરા.
આરોપીઓ તરફે વિઘ્વાન વકીલ શ્રી વી.એમ.શર્મા.

**–:: ચુ કા દો ::–**

**૧...** આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમઃ– **૩૦૬, ૫૦૬(૨), ૧૧૪** મુજબના ગુનાનું ચાર્જશીટ નીચેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ હતું.

**૨...** આ કામના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી

મનુભાઈ લખુભાઈ માધડના નાનાભાઈ હરેશભાઈ લખુભાઈ માધડ રહે. ધારીવાળાને નબાપરામા રહેતા આરોપી નં.૧ વિપુલભાઈ ભીખાભાઈ ચાવડાની દીકરી કીરણ સાથે પ્રેમસબંધ હોય અને આ કીરણ સાથે પ્રેમસબંધ ભુલી કયાંક બીજે જતો રહેવા તેમજ નહી જાય તો તેમને તથા તેમના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી અવાર નવાર આરોપીઓ આપતા હોય તેમ કરી આરોપીઓએ મરણજનારને મરવા મજબુર કરતા મરણજનાર ફરીયાદીના નાના ભાઈને આરોપીઓને બીક લાગતા પોતાની અગાશી ઉપર ઝેરી દવા પી જઈ મરણ જઈ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી સદર બનાવ સંદર્ભે ફરીયાદી મનુભાઈ લખુભાઈ માધડનાઓએ ધારી પો.સ્ટે. ફરીયાદ આપેલ, જે ફરીયાદના આધારે હાલના આરોપીઓ વિરુઘ્ધ ધારી પો.સ્ટે.માં ગુ.રજી.નં. ફર્સ્ટ. ૧ ૪/૨૦૧૯ થી ઈ.પી.કો.કલમ–**૩૦૬,૫૦૬(૨),૧૧૪** મુજબના ગુનાનું ચાર્જશીટ ધારીના એડી.ચીફ.જયુડી.મેજી.સાહેબશ્રી કોર્ટમાં રજુ કરતા તે ફોજદારી કેસ નં.૧૯૭/૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ હતો.

**૩...** સદર કામે આરોપીઓને કેસના કાગળોની નકલો આપી, આરોપીઓ વિરુઘ્ધના ગુનાનું તહોમત સ્પષ્ટપણે સેશન્સ ટ્રાયબલ હોય, ધારીના એડી.ચીફ.જયુડી.મેજી.સાહેબશ્રીએ આરોપીઓ વિરુઘ્ધનો કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે સેશન્સ કમીટ કરવાનો હુકમ કરેલ અને ત્યાર બાદ સદર કેસ અત્રેની કોર્ટમાં સેશન્સ કેસ નં–૧૭/૨૦૧૯ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ અને ત્યાર પછી આરોપીઓ વિરુઘ્ધ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૪...** સદર કામે જે તે સમયે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ **આંક–૧૬** થી આરોપીઓ સામેના ગુનાનું તહોમતનામું ફરમાવી **આંક–૧૭ થી ૨૦** સુધી આરોપીઓના નિવેદનો લેતાં, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ છે.

**૫...** ઉપરોકત હકીકત ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

(અ) **<u>મૌખીક પુરાવો :–</u>**

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | કીશોરભાઈ અરજણભાઈ પરમારની જુબાની | ૨૨ |
| ૨ | કીશોરભાઈ ભનુભાઈ પરમારની જુબાની. | ૨૪ |
| ૩ | ગેલાભાઈ નાનજીભાઈ જખવાડીયાની જુબાની. | ૨૫ |
| ૪ | પ્રફુલભાઈ લાલજીભાઈ વેકરીયાની જુબાની | ૨૭ |
| ૫ | હીતેષભાઈ હીરાભાઈ દાફડાની જુબાની | ૨૮ |
| ૬ | પ્રકાશભાઈ રાઘવભાઈ બગડાની જુબાની | ૩૦ |
| ૭ | ડો.પ્રદિપભાઈ ભગવાનભાઈ પટેલની જુબાની (ડોકટર સાહેદ) | ૩૧ |
| ૮ | અશ્વીનકુમાર હરીભાઈ ઈટાળીયાની જુબાની (એફ.એસ.એલ. અધિ) | ૩૫ |
| ૯ | હીમતભાઈ આલાભાઈ પરમારની જુબાની | ૩૯ |
| ૧૦ | ડો.રશ્મિકાંતભાઈ મનસુખલાલ જોષીની જુબાની | ૪૪ |
| ૧૧ | લખુભાઈ જેઠાભાઈ માઘડની જુબાની | ૪૭ |
| ૧૨ | સુમલબેન લખુભાઈ માઘડની જુબાની | ૪૮ |
| ૧૩ | ભારતીબેન લખુભાઈ માધડની જુબાની | ૪૯ |
| ૧૪ | ફરીયાદી મનોજભાઈ લખુભાઈ માઘડની જુબાની (ફરીયાદ) | ૫૦ |
| ૧૫ | બળવંતભાઈ કાળુભાઈ મહેતાની જુબાની | ૫૪ |
| ૧૬ | દીપીકાબેન બાબુભાઈ ચૌધરીની જુબાની ( તપાસ કરનાર અધિકારી ) | ૫૬ |

**(બ) <u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૨૩ |
| ૨ | આરોપીનુ અટક પંચનામુ | ૨૬ |
| ૩ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૨૯ |
| ૪ | મરણજનારને રીફર કર્યા તે અંગેનુ મેડીકલ સર્ટી. | ૩૨ |
| ૫ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૩૬ |
| ૬ | ઓપીડી કેસ પેપર | ૪૫ |
| ૭ | સી.એચ.સી.ધારીનુ એમ.એલ.સી.સર્ટી. | ૪૬ |

| | | |
|---|---|---|
| ૮ | ફરીયાદ | ૫૧ |
| ૯ | પી.એમ.નોટ | ૫૨ |
| ૧૦ | એફ.એસ.એલ.જુનાગઢનો અહેવાલ | ૫૩ |
| ૧૧ | ડેપ્યુટ હુકમ | ૫૫ |
| ૧૨ | મેડીકલ ઓફીસર અમરેલી દવારા આવેલ પોલીસ યાદી | ૫૭ |
| ૧૩ | ડીસ્પોઝલ હુકમ | ૫૮ |
| ૧૪ | ઈન્કવેસ્ટ ભરવા અંગેની યાદી | ૫૯ |
| ૧૫ | મરણોત્તર નિવેદન | ૬૦ |
| ૧૬ | પી.એમ.કરવા માટે કરેલ યાદી | ૬૧ |
| ૧૭ | લાશ સોંપ્યા અંગેની યાદી | ૬૨ |
| ૧૮ | નોડલ ઓફીસરને કરેલ યાદી | ૬૩ |
| ૧૯ | મુદ્દામાલ પૃથ્થકરણ કરવા માટેની યાદી | ૬૪ |
| ૨૦ | રવાનગી પત્રક | ૬૫ |
| ૨૧ | મુદ્દામાલ મળ્યા અંગેનો પત્ર | ૬૬ |
| ૨૨ | મુદ્દમાલ પૃથ્થકરણ અહેવાલ | ૬૭ |

આ સિવાય ફરીયાદપક્ષ તરફે વિ.એડી.પી.પી.શ્રી તરફથી પુરાવો પુરો થયાની પુરસીસ આંક–૬૮ થી રજુ કરેલ છે.

**૬...** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં,આરોપીઓનો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનો વધારાનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં પણ પોતાની સામે ખોટો કેસ કરેલાનુ અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

**૭...** શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી.તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી. ની દલીલો સાંભળવામાં આવેલી છે.

**૭.૧...** શ્રી સરકારપક્ષ તરફે એડી.પી.પી.શ્રી એ દલીલો કરતા જણાવેલ છે કે, આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુના સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે, તે પુરવાર કરવા સારુ ફરીયાદી, લાગતા વળતા સાહેદો, સ્વતંત્ર સાહેદો, ડોકટરી સાહેદો,

પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે. જેથી ફરીયાદી તથા સાહેદો ભલે હોસ્ટાઈલ થયેલ હોય, પરંતુ ફરીયાદીએ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી રજુ કરેલ છે, પી.એમ.નોટ, મુદ્દામાલ પુથ્થકરણ અહેવાલ બચાવપક્ષે કબુલ રાખેલ છે.તેમજ પોલીસ સાહેદના પુરાવા આધારે પણ બનાવને સમર્થન મળે છે, જેથી ફરીયાદી સહીતના સાહેદો ભલે હોસ્ટાઈલ થયેલ હોય, પરંતુ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવા તથા પોલીસ સાહેદની જુબાની આધારે આક્ષેપીત ગુનો પુરવાર થતો હોય, ફરીયાદ પક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામા સફળ રહેલ છે અને આરોપીઓ દવારા ગંભીર પ્રકારનો ગુનો કરવામા આવેલ હોઈ, થઈ શકતી મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

**૭.૨...** સદરહું કામે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી.એ દલીલ કરી જણાવેલ છે કે,

આરોપીઓ વિરૂધ્ધ ઘડવામા આવેલા તહોમતનામા મુજબનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે જે સાહેદો તપાસવામાં આવેલ છે, જે પૈકી ફરીયાદી જ મુખ્ય સાહેદ છે પરંતુ તેમની જુબાનીમા તેમણે તેમની આક્ષેપીત ગુનાની હકીકતને સહેજ પણ સમર્થન આપેલ નથી. તથા મરણ જનાર ના નજીક ના કુટુંબીજનો ધ્વારા પણ હાલના ગુનાની હકકીત ને સમથ'ન મળવા પામ.લ નથી.રજુ થયેલ પંચનામા અને સારવાર સર્ટીફીકેટોને મૌખિક પુરાવાથી કોઈ સમર્થન મળતુ નથી, આક્ષેપીત બનાવના સ્વતંત્ર સાહેદોએ પણ ગુનાની હકીકત ને કોઈ સમર્થન કરેલ નથી. આ કામે તમામ પં ચનામાના પંચ સાહેદોએ પણ પંચનામા ની હકકીતો તે સમર્થન આપેલ નથી.

જેથી રેકર્ડ ઉપરની હકીકત જોતા, ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલાનુ માની શકાય નહી. જેથી રેકર્ડ ઉપરના મૌખિક અને દસ્તાવેજી પુરાવા આધારે કેસ પુરવાર થતો ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૮...** ઉપરોકત હકીકત જોતા, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદપક્ષ એ પુરવાર કરી શકેલ છે કે, મરનારનુ મૃત્યુ સામાન્ય સંજોગો સિવાય એટલે કે કુદરતી ક્રમ સિવાય અકુદરતી રીતે થયેલ છે?

(૨) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના ફરીયાદી મનુભાઈ લખુભાઈ માધડના નાનાભાઈ હરેશભાઈ લખુભાઈ માધડ રહે.ધારીવાળાને નબાપરામા રહેતા આરોપી નં.૧ વિપુલભાઈ ભીખાભાઈ ચાવડાની દીકરી કીરણ સાથે પ્રેમસબંધ હોય અને આ કીરણ સાથે પ્રેમસબંધ ભુલી કયાંક બીજે જતો રહેવા તેમજ નહી જાય તો તેમને તથા તેમના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી અવાર નવાર આરોપીઓ આપતા હોય તેમ કરી આરોપીઓએ મરણજનારને મરવા મજબુર કરતા મરણજનાર ફરીયાદીના નાના ભાઈને આરોપીઓને બીક લાગતા પોતાની અગાશી ઉપર ઝેરી દવા પી જઈ મરણ જઈ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ. પી. કો. કલમ–**૩૦૬, ૫૦૬(૨), ૧૧૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૩) શું હુકમ ?

**૯...** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) નકારમા,

(૩) આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદદા નં.૧ ફ–</u>**

૧૦... આ મુદ્દાના સંદર્ભમાં રેકર્ડ પર રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો, ફરીયાદ મુજબ આ કામના ફરીયાદી મનુભાઈ લખુભાઈ માધડના નાનાભાઈ હરેશભાઈ લખુભાઈ માધડ રહે.ધારીવાળાને નબાપરામા રહેતા

આરોપી નં.૧ વિપુલભાઈ ભીખાભાઈ ચાવડાની દીકરી કીરણ સાથે પ્રેમસબંધ હોય અને આ કીરણ સાથે પ્રેમસબંધ ભુલી કયાંક બીજે જતો રહેવા તેમજ નહી જાય તો તેમને તથા તેમના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી અવાર નવાર આરોપીઓ આપતા હોય તેમ કરી આરોપીઓએ મરણજનારને મરવા મજબુર કરતા મરણજનાર ફરીયાદીના નાના ભાઈને આરોપીઓને બીક લાગતા પોતાની અગાશી ઉપર ઝેરી દવા પી જઈ મરણ જઈ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ. પી. કો. કલમ–**૩૦૬, ૫૦૬(૨), ૧૧૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનો આરોપ ફરીયાદમાં છે.

**૧૧...** હાલના મુદ્દામાં સર્વપ્રથમ એ નકકી કરવાનુ રહે છે કે, ગુજરનારનુ મૃત્યુ કુદરતી છે, આત્મહત્યા છે કે મનુષ્યવધ છે અને જો આ કિસ્સો મનુષ્યવધનો જણાય તો ઈ. પી. કો. કલમ–૨૯૯ ના તત્વો પ્રમાણે તે સાપરાધ મનુષ્યવધ છે કે કેમ ?

જેથી લાગુ પડતી કલમ ૩૦૬ નો અભ્યાસ કરતા તે નીચે મુજબ છે.

**<u>ઈ.પી.કો.ક.૩૦૬–આત્મહત્યામાં મદદગારી</u>**:–

કોઈપણ વ્યકિત, આત્મહત્યા કરે તો તેને તેમ કરવામાં કોઈ વ્યકિતએ મદદગારી કરી હોય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**<u>તત્વો</u>**:–

૧. કોઈ વ્યકિતએ આત્મહત્યા કરી.
૨. આવી આત્મહત્યામાં આરોપીએ મદદગારી કરી.
૩. આ મદદગારીના અનુસંધાને આત્મહત્યા થવા પામી.

બંને પક્ષની દલીલો તેમજ પુરાવાની છણાવટ કરતા પહેલા ઈ.પી.કો. કલમ ૩૦૬ ની જોગવાઈ મુજબ જો કોઈ વ્યકિત આત્મહત્યા કરે તો તેવી વ્યકિતને આત્મહત્યા કરવામાં જો કોઈ વ્યકિતએ મદદગારી કરેલી હોય તો તે વ્યકિતએ સદરહુ તહોમત નીચેનો ગુન્હો કરેલો છે તેવું કહેવાશે. એ વિશે કોઈ શંકા નથી કે, મનુષ્યને જીંદગીમાં સૌથી વધુ પ્રેમ પોતાના ખુદના જીવ સાથે હોય છે. મૃત્યુની કલ્પના પણ માણસને ધ્રુજાવી દેતી હોય છે. આથી કોઈ વ્યકિત વાજબી

કારણ કે સંજોગો સિવાય આત્મહત્યા કરી પોતાની મુલ્યવાન જિંદગી નષ્ટ કરવાનું પસંદ કરી શકે નહીં. આમ છતાંય સમાજમાં આત્મહત્યાના બનાવો વારંવાર બનતા જોવા મળે છે. તેની પાછળ દરેક વખતે કોઈને કોઈ કારણ જવાબદાર હોય છે. ઘણી વખત માણસને હતાશા આત્મહત્યા કરવા તરફ દોરી જાય છે તો નિષ્ફળતા પણ આવા જ કિસ્સાની જન્મદાતા છે. આ ઉપરાંત ગરીબી, બેરોજગારી, પંગુતાપણુ, ગં ભીર બિમારી, સંજોગો સામે ટકી નહીં શકવાની નબળાઈ, ક્રુરતા, ત્રાસ વિગેરે અનેક પ્રકારના કારણો આત્મહત્યા માટે જવાબદાર હોવાનુ અનુભવવામાં આવેલ છે. ઘણી વખત એવું પણ જોવા મળેલ છે કે, સતત અને એકધારી રીતે ચોકકસ સંજોગોનો શિકાર બનેલ હોવા છતાં જિંદગી જીવવાની અગમ્ય ઈચ્છાના કારણસર કોઈ વ્યકિત તેવા સંજોગોનો સામનો કરી રહેલો હોય અને પોતાની જાતને ટકાવી રાખેલી હોય, પરંતુ પાછળથી કોઈ અંગત કારણોસર તેણે આત્મહત્યા કરી પોતાની જિંદગી ટૂંકાવી નાંખેલી હોય અને તે કારણ તે ભોગ બનનાર વ્યકિત એકલી જ જાણતી હોય અને તેના મૃત્યુ સાથે તેવા કારણનું રહસ્ય પણ કાયમ માટે દબાઈ જતું હોય છે. તેથી જ જયારે જયારે કોઈ વ્યકિતએ આત્મહત્યા કરેલી હોય અને બીજી વ્યકિતએ તેને આત્મહત્યા કરવામાં મદદગારી કરેલી છે તેવો આક્ષેપ મુકવામાં આવે ત્યારે તે વ્યકિતએ ભોગ બનનાર વ્યકિતને મદદગારી કરેલી હોવાનું સાબિત કરવું જોઈએ તથા મદદગારી અને આત્મહત્યાને સીધુ જોડાણ હોવાનું પણ સાબિત જવું જોઈએ.

**૧૨...** કોઈપણ વ્યકિતનુ મૃત્યુ તે બે પ્રકારે થઈ શકે, જેમાં પ્રથમ કુદરતી અને ત્યારબાદ અકુદરતી મૃત્યુ કહી શકાય. જયારે એ હકીકત નિર્વિવાદ છે કે, ગુજરનારનુ કુદરતી મૃત્યુ થયેલ ન હતું ત્યારે હાલના કામે કુદરતી મૃત્યુની ચર્ચા કરવાનુ ચોકકસપણે અસ્થાને છે, તેવા સંજોગોમાં તે માત્ર ત્રણ પ્રકારે સંભવી શકે, જેમાં અકસ્માત, આપઘાત અથવા હત્યાની સંભાવના રહે છે. તે પૈકી હાલના કામે કોઈ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી કે કોઈ સૂચક બચાવ પણ લેવામાં આવેલ નથી. ગુનાવાળી જગ્યાનુ પંચનામું વંચાણે લઈએ તો સ્થળ ઉપર એવા કોઈ પુરાવા મળી આવેલ નથી કે જેના કારણસર સ્થળ ઉપર અકસ્માતના કારણસર ભોગ બનનારનુ મૃત્યુ થયું હોય

તેવુ જણાઈ આવતું નથી.

૧૩.૧... હવે પ્રશ્ન માત્ર આત્મહત્યા મરણજનારે કરેલ છે કે કેમ તે પુરતી કેન્દ્રીત રહે છે. આ કામે ફરિયાદ વંચાણે લેતા ફરિયાદીના જણાવ્યા મુજબ મનુભાઈ લખુભાઈ માધડના નાનાભાઈ હરેશભાઈ લખુભાઈ માધડ રહે.ધારીવાળાને નબાપરામા રહેતા આરોપી નં.૧ વિપુલભાઈ ભીખાભાઈ ચાવડાની દીકરી કીરણ સાથે પ્રેમસબંધ હોય અને આ કીરણ સાથે પ્રેમસબંધ ભુલી કયાંક બીજે જતો રહેવા તેમજ નહી જાય તો તેમને તથા તેમના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી અવાર નવાર આરોપીઓ આપતા હોય તેમ કરી આરોપીઓએ મરણજનારને મરવા મજબુર કરતા મરણજનાર ફરીયાદીના નાના ભાઈને આરોપીઓની બીક લાગતા પોતાની અગાશી ઉપર ઝેરી દવા પી જઈ મરણ તે સિવાય આંક–૨૬ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ વંચાણે લેતા, સીવીલ હોસ્પીટલમા પી.એમ. રુમના ઓટલા ઉપર એક માનવ લાશ ચાદર ઓઢાળેલ હાલતમાં હતી અને ત્યાં ઉભેલ ઈસમને પંચો રૂબરૂ નામ પુછતા તે ફરીયાદી મનુભાઈ લખુભાઈ માધડે લાશને ઓળખીને બતાવેલ કે તે મારા નાનાભાઈ હરેશભાઈ લખુભાઈ માધડની લાશ છે.

**૧૩.૨...** આ કામે આંક–૩૧ થી ગુજરનારની તપાસ કરનાર ડોકટર પ્ર દિપભાઈ ભગવાનભાઈ પટેલને તપાસવામા આવેલ છે, તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જયારે મરણજનારને તેમની પાસે લાવ્યા ત્યારે તેમને પુછતા તેમણે જણાવેલ કે, તેણે ભુલથી સેલ્ફોસ પોઈઝન લીધેલ છે અને તેના કારણે તેમનુ મૃત્યુ થયેલ હતુ. આમ, રજુ થયેલ પુરાવો જોતા ગુજરનારનુ મૃત્યુ ઝેરી દવા પીવાથી થયેલ હોવાનુ પુરવાર થાય છે.

વધુમા એક.એસ.એલ. પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતા, મરણ જનાર ના વીસેરા મા ઝેર ની હાજરી શોધાયેલ છે.

આથી ગુજરનારનુ મૃત્યુ આત્મહત્યાથી થયેલ હોવાનુ ઠરાવી **મુદ્દા નંબર–૧** નો નિર્ણય **હકારમાં** ઠરાવુ છુ.

**<u>મુદ્દા નં.ર :–</u>**

**૧૪...** હવે ફરીયાદ મુજબ ના ગુનાની હકીકત પુરવાર કરવા માટે આ કામે

રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવા જોતા ફરીયાદપક્ષે ફરીયાદી મનુભાઈ લખુભાઈ માઘડનાએ આંક–૫૦ થી એવો પુરાવો આપેલ છે કે, બનાવ વખતે તે, તેમનો ભાઈ હરેશ અને પરીવાર સાથે ધારી મુકામે રહતા હતા. અને બનાવ તા.૨૩/૩/૧૯ ના રોજ આઠેક વાગે માતા–પિતા ઘરે હતા અને હરેશ બહાર ગયેલો તેઓ જમીને બેઠા હતા ત્યારે હરેશ બહારથી આવતા તેને જમવાનુ પુછેલુ પરંતુ હુ પછી જમી લઈશ તેમ કહી મકાનના સ્લેબ પર ચડી ગયેલ અને અડધો કલાક બાદ તે તેને બોલાવા ગયેલો અને ત્યાં હરેશ અગાસી ઉપર ઉલટી કરતો હતો તેણે તેને પુછતા ભુલથી દવા પીવાઈ ગઈ તેમ જણાવેલ આથી તેમના પિતાની જોરથી સાદ પાડેલો. તેથી મારા પિતા અને ભારતી ત્યાં આવેલ ત્યારબાદ મો.સા.માં બેસાડી સરકારી દવાખાને લઈ ગયેલો અને ત્યારબાદ ડો.ધડુકસાહેબને ત્યાં દવાખાને લઈ ગયેલ ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ જવાનુ કહેતા રાજકોટ જવા રવાના થયેલ રસ્તામા તેની તબિયત બગડતા તેઓ અમરેલી સીવીલ હોસ્પી.મા લાવેલા. જયાં ત્યાના ડોકટરે તપાસીને હરેશ મરણ ગયેલ છે તેમ જણાવેલ આથી તેણે પિતાને ફોન કરેલો કે અમરેલી સરકારી દવાખાને આવી જાવ તેમની પી.એમ.કરાવી અંતીમ વીધી માટે ધારી લાવેલા. પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. આ બાબતે આંક–૫૧ થી પોલીસને ફરીયાદ આપેલી જેમા તેમની સહી ઓળખી બતાવેલ છે. આથી વિશેષ કોઈ હકીકત ફરીયાદીએ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ નથી. જેથી ફરીયાદપક્ષ ઘ્વારા ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યાર બાદ પણ ફરીયાદીની વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેમણે ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ નથી.

તેમજ સદર ફરીયાદીની આરોપીપક્ષના વિ.વ.શ્રી. ઘ્વારા કરેલ ઉલટ તપાસમાં ફરીયાદીએ તેમનો મરણજનાર ભાઈ ભુલથી દવા પી ગયેલ હોવાનુ, તેમની ફરીયાદમા પોલીસે શુ લખેલ હતુ તે જાણતો નહી હોવાનુ, પોલીસે ફરીયાદ લખીને તેમની સહી લીધેલી અને તે ફરીયાદ તેણે વાંચેલ નહી હોવાની હકીકતો સ્વીકાર કરેલ છે.

ફરીયાદીએ, આરોપીઓએ તેમના ભાઈ મરણજનારને મરવા મજબુર કરેલ હોય કે તેમના પરીવારને જાનથી મારી નાખવાની કોઈ ધમકી આપેલ હોય કે, આરોપીઓની બીક લાગતા ઝેરી દવા પી લીધેલ હોવાની વાતને ફરીયાદીએ નકારી કાઢેલ

છે.

આમ સમગ્ર રીતે ફરીયાદીની જુબાનીની સરતપાસ જોતા આરોપીઓ વિરુધ્ધ ની ફરીયાદ મુજબના કોઈ જ આક્ષેપો લેશમાત્ર પુરવાર થયેલ હોવાનું માની શકાય તેમ નથી. ફરીયાદીએ પોતાની જુબાની દરમ્યાન ફરીયાદવાળા બનાવને લેશમાત્ર સમર્થન આપતા હોવાથી પ્રોસીકયુસન તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરીને તેમની વિસ્તૃત ઉલટ તપાસ કરવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ જ હકીકત મળી આવેલ નથી. તેમજ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ, મરણજનાર ભાઈ ભુલથી દવા પી ગયેલ હોવાનુ,તેમની ફરીયાદમા પોલીસે શુ લખેલ હતુ તે જાણતો નહી હોવાનુ, તેમના ભાઈ મરણજનારને મરવા માટે દુષ્પ્રેરણ કે મજબુર કરેલ હોય કે તેમના પરીવારને જાનથી મારી નાખવાની કોઈ ધમકી આપેલ હોવાની વાતને ફરીયાદીએ નકારી કાઢેલ છે. જે હકીકત ધ્યાને રાખતા ફરીયાદીએ આરોપીઓ વિરુધ્ધ આપેલ આંક–૫૧ વાળ ી ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખવામાં આવેલ હોવાનું ફલીત થતું નથી પરંતુ પોલીસે ફરીયાદ પોતાની રીતે તૈયાર કરીને ફરીયાદીની સહી કરાવેલ હોવાનું જણાય આવે છે. આમ ફરીયાદીનો સમગ્ર પુરાવો જોતા તેમણે ફરીયાદમાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ નથી.

**૧૫...** વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૩ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૨ થી પંચ સાહેદ કીશોરભાઈ અરજણભાઈ પરમારઓને તથા આંક–૨૪ થી કીશોરભાઈ ભનુભાઈ પરમારને તપાસવામાં આવેલ છે, જે પંચ સાહેદે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. જે જોતા આ પંચનામાની હકીકતોને સ્વતંત્ર એવા પં ચ સાહેદોની જુબાની ધ્વારા કોઈ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

**૧૬...** વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૬ થી રજુ આરોપીનુ અટક પંચનામાની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૫ થી પંચ સાહેદ ગેલાભાઈ નાનજીભાઈ જખવાડીયાઓને તથા આંક–૨૭ થી પ્રફુલભાઈ લાલજીભાઈ વેકરીયાઓને તપાસવામાં આવેલ છે, જે પંચ સાહેદે પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ પં

ચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. જે જોતા આ પંચનામાની હકીકતોને સ્વતંત્ર એવા પંચ  સાહેદોની જુબાની ધ્વારા કોઈ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

**૧૭...** વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૯ થી રજુ ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૮ થી પંચ સાહેદ હીતેષભાઈ હીરાભાઈ દાફડાનાઓને  તથા આંક–૩૦ થી પ્રકાશભાઈ રાઘવભાઈ બગડાઓને તપાસવામાં આવેલ છે, જે પંચ સાહેદે પં ચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ પંચનામાની હકીકતોને   સમર્થન કરેલ નથી. જે જોતા આ પંચનામાની હકીકતોને સ્વતંત્ર એવા પંચ  સાહેદોની જુબાની ધ્વારા કોઈ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

**૧૮...** વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૯ થી હીમતભાઈ આલભાઈ પરમારને, આંક –૪૭ થી લખુભાઈ જેઠાભાઈ માધડનાઓને, આંક–૪૮ થી સુમલબેન લખુભાઈ કાધડનાઓને, આંક–૪૯ થી ભારતીબેન લખુભાઈ માધડનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. કે જે સાહેદો મરણ જનાર ના સગા કે કુટુંબીજનો છે તેમણે પણ ફરીયાદ મુજબ ના ગુનો આરોઓએ કરેલ હોવાની હકીકતોને સમર્થન કરેલ નથી. જે જોતા આ ફરીયાદમાની હકીકતોને સ્વતંત્ર સાહેદ એવા  સાહેદોની જુબાની ધ્વારા કોઈ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

**૧૯...** ફરીયાદ પક્ષ તરફે આંક–૩૫ : અશ્વીનકુમાર હરીભાઈ ઈટાળીયા કે જેઓ એફ.એસ.એલ.અધિકારી છે અને તેઓએ સ્થળ પરીક્ષણ અહેવાલ કરેલ છે. જેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમા તેઓએ બનાવ સંબધીત સ્થળનુ સ્થળ પરીક્ષણ કરી ત.ક.અ.શ્રીને તેઓનો સ્થળ પરીક્ષણ અહેવાલ આપેલ હતો જે સ્થળ પરિક્ષણ અહેવાલ આક–૩૬ થી રજુ રાખેલ છે. જેમા સદર સ્થળે બનાવને અનુરુપ અન્ય કોઈ નમુના કે પુરાવા જોવા મળેલ નહી હોવાનો પુરાવો આપેલ છે તથા આ સાહેદનો સમગ્રઃ પુરાવો જોતા તેઓએ તેમની ફરજના ભાગ સ્વરૂપે સ્થળ તપાસનો અહેવાલ રજુ કરેલ હોવાનો પુરાવો આપેલ છે.

**૨૦...** વધુમાં આ કામે આંક – ૩૧ થી ડોકટર સાહેદ પ્રદિપભાઈ ભગવાનભાઈ પટેલનાઓને તપાસવામા આવેલા છે તથા તેમના પુરાવામા આંક– ૩૨ મુજબના ફરીયાદીના રીફર કરેલાનુ સર્ટી રજુ થયેલ છે. જે આધારે ફરીયાદીએ સારવાર લીધેલાનુ ફલીત થાય છે, અને તેને મરણજનારે, ભુલથી સેલ્ફોસ પોઈઝન પીધેલ હોવાનુ જણાવેલ છે તથા અને દર્દીને રીફર કર્યા અંગેની કાર્યવાહી કરેલ છે તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નહી હોવાની હકીકતોનો સ્વીકાર કરેલ છે. તથા દર્દીએ હીસ્ટ્રીમા પણ કોઈના તરફથી દુષ્પ્રરણ કરવામાં આવેલ હોય તેવુ જણાવેલ નથી. આમ, માત્ર તેમને હોસ્પીટલમા દાખલ કરી, પ્રાથમિક સારવાર કરી રીફર કરવામા આવેલ હોવાની હકીકત જણાઈ આવે છે.

**૨૧...** વધુમા, આ કામે આંક–૪૪ થી ડોકટર સાહેદ રશ્મિકાંતભાઈ મનસુખલાલ જોષીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમના પુરાવામાં આંક–૪૫ અને આંક–૪૬ થી મરણનારના સારવાર સર્ટી. રજુ થયેલ છે જે આધારે ફરીયાદીને તેમની સમક્ષ લાવવામા આવ્યા ત્યારે તેમણે સેલ્ફોસ નામની દવાની પડીકી ખાધેલ હોવાનુ જણાવેલ છે જયારે સદર સાહેદે તેમની ઉલટ તપાસમાં પેશન્ટ જવાબ આપવા અસમર્થ હોવાનુ અને પેશન્ટે સેલ્ફોસ જે લીધુ તે તેવુ તે કહી ન શકતા હોવાનો પુરાવો આપેલ છે તથા કયા કારણોસર પેશન્ટે સેલ્ફોસ લીધેલ છે તેવી કોઈ હકીકત સદર સાહેદના પુરાવામા ખુલવા પામેલ નથી.

આમ, સદર ડોકટર સાહેદ જણાવેલ પુરાવામાં માત્ર પેશન્ટે સેલ્ફોસ લીધેલ સિવાયની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમા, પેશન્ટે આરોપીઓ ઘ્વારા ફરીયાદ મુજબમા જણાવેલ હકકીતે, કરવામા આવેલી તેવો કોઈ પુરાવો અત્રે રેકર્ડ ઉપર આવેલ નથી.

**૨૨...** વધુમાં ફરીયાદપક્ષે આંક–૫૪ થી પી.એસ.ઓ. બળવંતભાઈ કાળુભાઈ મહેતાનાઓને તપાસવામા આવેલ છે. જેઓએ પોલીસ તપાસ અંગે કરેલી કાર્યવાહી બાબતે પોતાની જુબાનીમાં જણાવેલુ છે સદર સાહેદે તેમની ફરજના ભાગરૂપે માત્ર ૧૫૪ નો રીપોર્ટ જ તૈયાર કરેલ છે તે સિવાય અન્ય કોઈ કામગીરી નહી

કરેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે.

**૨૩...** વધુમાં ફરીયાદપક્ષે આંક–૫૬ થી ત.ક.અમલદાર દીપીકાબેન બાબુભાઈ ચૌધરીનાઓને તપાસવામા આવેલ છે. જેઓએ પોલીસ તપાસ અંગે કરેલી કાર્યવાહી બાબતે પોતાની જુબાનીમાં સવિસ્તર જણાવેલુ છે તથા સાહેદોના વિરોધાભાસો પોતાની જુબાનીમાં પુરવાર કરેલા છે. આમ, તપાસ કરનાર અમલદારે પોતાની જુબાની દરમિયાન પોતે કરેલ કામગીરી મુજબની હકીકત જણાવેલ છે. તેમની જુબાનીમાં તેમની સમગ્ર તપાસ પ્રક્રીયા ઉપર શંકા ઉભી થાય તેવી કોઈ હકીકત બહાર આવેલ નથી. પરંતુ તેમણે કરેલા પંચનામાઓની હકીકતો ને કોઈ તટસ્થ પંચ સાહેદોનુ કોઈ સમર્થન મળેલ નથી. જેથી માત્ર આ પોલીસ સાહેદની જુબાનીના આધારે પંચનામા ની હકીકત વિશ્વાસ મુકવા યોગ્ય જણાતી નથી. જયારે ગુન્હાનો ભોગ બનેલ ફરીયાદીના પુરાવાથી તેમજ અન્ય સાહેદોના પુરાવાથી ફરીયાદ વાળા બનાવને સમર્થન મળતુ ન હોઈ, તટસ્થ એવા પંચોના પુરાવાથી કે નજરે જોનાર સાહેદોના પુરાવાથી બનાવને સમર્થન મળતુ ન હોઈ, ત્યારે માત્ર પોલીસ સાહેદના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય નહી.

**૨૪...** રેકર્ડ ઉપર રજુ, સમગ્ર પુરાવાઓનુ બારીકાઈથી અવલોકન કરતા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ આધારે આરોપીઓએ ફરીયાદમા આક્ષેપીત એવો કોઈ ગુન્હો કરેલ હોવાનુ સ્પષ્ટ રીતે ફલીત થતુ નથી અને ગુનાના કામે આરોપીઓની સંડોવણી બાબતે શંકા ઉદભવે કે મરણજનારને મરવા માટે કોઈ દુષ્પ્રેરણ કરેલ હોય તેવી હકીકતો રેકર્ડ ઉપર આવે છે.

આમ, ઉપર કરેલ ચર્ચાને ધ્યાને લેતાં, ફરીયાદીએ તેમનો મરણજનાર ભાઈ મકાનના સ્લેબ પર ચડી ભુલથી દવા પી ગયેલ હોય અને તેમની સારવાર માટે સરકારી દવાખાને લઈ ગયેલ હોય અને રસ્તામા તેની તબિયત બગડતો તે મરણ ગયેલ હોય તેટલી હકીકત જ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ છે. જયારે ફરીયાદી, સ્વતં ત્ર સાહેદોના પુરાવા આધારે કે તટસ્થ એવા પંચોના પુરાવા આધારે બનાવને સમર્થન મળતુ

નથી.તેથી ફરીયાદી તથા સ્વતંત્ર સાહેદો સહીતના કોઈ જ સાહેદોએ આરોપીઓ વિરુધ્ધના કેસને સમર્થન મળે તેવો પુરાવો આપેલ નથી, એવુ કહેવામાં આવે તો કોઈ અતિશયોકિત નથી. અને નામ. કોર્ટ ધ્વારા રેકર્ડ ઉપર આવેલ પુરાવો જ ધ્યાને લઈ અને તેનુ મુલ્યાંકન કરી, ન્યાયી નિર્ણય પર પહોચવાનુ રહે છે.

**૨૫...** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષ આ બનાવને ઈ.પી.કોડની કલમ– ૩૦૬ ની જોગવાઈ લાગુ પાડી શકાય તેમ નથી. વળી ઈ.પી.કોડની કલમ ૩૦૬ ની જોગવાઈ લાગુ પાડવા માટે થઈને આત્મહત્યાથી મૃત્યુ થયેલ હોવાનું સાબિત કરવુ ફરજિયાત છે. અહી તબીબી પુરાવાથી મરણ જનારનું મૃત્યુ આત્મહત્યાથી થયેલ હોવાની હકીકતને સમર્થન મળેલ છે.

પરંતુ પુરાવાની આગળ ચર્ચા કરી તે મુજબ મરણ જનારે_આત્મહત્યા કરી મૃત્યુ પામેલ હોય. એટલે કે, ફરિયાદપક્ષે બનાવના જે સાહેદો તપાસેલા છે તેના પુરાવાથી મરણ જનારનુ મૃત્યુ આત્મહત્યાથી થયેલ મૃત્યુ હોવાનું સાબિત કરવામાં સફળ થયેલ છે. પં રતુ, ગુજરનારનુ મૃત્યુ તે તેને ધમકી આપવાના કારણસર કે તેને કોઈ પણ પ્ર કારે આરોપીઓ ના દુષ્પ્રેરણ થી મૃત્યુ થયેલ હોય, તેવુ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

આમ છતાંય દલીલ ખાતર એવુ સ્વીકારવામાં આવે કે, ગુજરનારનુ મૃત્યુ આત્મહત્યાથી થયેલ મૃત્યુ હતુ તો પણ ફરિયાદપક્ષ ગુજરનારે આત્મહત્યા કરી લેવી પડે તેવા કોઈ સંજોગો આરોપીએ ઉભા કરેલા હોવાનુ સાબિત કરી શકેલા નથી. એટલે કે, આરોપીના કૃત્ય અને મરણજનારે આત્મહત્યા વચ્ચે જે સબંધ જોડવો જોઈએ તેને લગતો કોઈ પુરાવો રેકડ' ઉપર આવેલ નથી અને તેથી પણ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ ગુનાનું તહોમત ટકી શકે તેમ નથી.

જયારે હાલના કામે ફરીયાદપક્ષ, આ કામના ફરીયાદી મનુભાઈ લખુભાઈ માધડના નાનાભાઈ હરેશભાઈ લખુભાઈ માધડ રહે.ધારીવાળાને નબાપરામા રહેતા આરોપી નં.૧ વિપુલભાઈ ભીખાભાઈ ચાવડાની દીકરી કીરણ સાથે પ્રેમસબંધ હોય અને આ કીરણ સાથે પ્રેમસબંધ ભુલી કયાંક બીજે જતો રહેવા તેમજ નહી જાય તો

તેમને તથા તેમના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી અવાર નવાર આરોપીઓ આપતા હોય તેમ કરી આરોપીઓએ મરણજનારને મરવા મજબુર કરતા મરણજનાર ફરીયાદીના નાના ભાઈને આરોપીઓની બીક લાગતા પોતાની અગાશી ઉપર ઝેરી દવા પી જઈ મરણ જઈ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ઈ. પી. કો. કલમ–**૩૦૬, ૫૦૬(૨), ૧૧૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેમ ઠરાવી મુદ્દા નં.ર નો નિર્ણય **"નકારમાં"** આપવામાં આવે છે.

આ રીતે ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામનો ફરિયાદપક્ષ આ કામના આરોપી ઉપર મુકવામાં આવેલા ઈ.પી.કોડ કલમ–૩૦૬,૫૦૬(૨),૧૧૪ મુજબના તહોમતવાળો ગુન્હો આરોપીએ કરેલ હોવાનુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલા છે. જેથી હું મુદ્દા નં.૩ સબંધે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

–: **આખરી હુકમ**:–

૧. હાલના કામ ના આરોપીઓ નં. **(૧) વિપુલભાઈ ભીખાભાઈ ચાવડા,(૨) મહેશભાઈ ભીખાભાઈ ચાવડા, (૩) જયસુખભાઈ ભીખાભાઈ ચાવડા, (૪) મહેશભાઈ અમરાભાઈ દાફડા,** રહે.નં.૧ થી ૩ નબાપરા,તા.ધારી અને નં.૪ વેકરીયાપરા, તા.ધારી, જી.અમરેલીનાઓ ને ક્રિ.પ્રો.કો.ક.૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–**૩૦૬, ૫૦૬(૨), ૧૧૪** મુજબના સજાપાત્ર ગુનામાંથી નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

૨. આ કામના આરોપીઓના જામીનખત રદ કરવામાં આવે છે અને તેથી જામીનોને જામીનગીરીમાંથી મુકત કરવામાં આવે છે.

૩. આ કામે રજુ થયેલ તમામ બીનકિંમતી મુદ્દામાલ, અપીલ ન થાય તો તેવા સંજોગોમા અપીલ સમય વીત્યા બાદ તેનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામે ક્રિ.પ્રો.કો.ક.૪૩૭(ક)ની જોગવાઈ અન્વયે આરોપીઓએ પ્રત્યેકે રૂપિયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સધ્ધર સ્થાવર મિલકત ધરાવતા જામીન અપીલ પીરીયડના સમયગાળા માટે આપવાના રહેશે.

ચુકાદો, આજરોજ ખુલ્લી અદાલતમાં, વાંચી જાહેર કર્યો.

ધારી મહંમદ આરીફ નુરમહમદ શેખ (જીજે–૦૦૬૧૧)

તા. ૧૬/૧૦/ ૨૦૨૩. બીજા એડીશનલ સેશન્સ જજ, ધારી, જી. અમરેલી.